નડિયાદ શહેરમાં સરદાર ભુવન કોમ્પ્લેક્સની દુકાનો તોડી પાડ્યા બાદ 68 કરોડના પ્રોજેક્ટ સાથે મુખ્ય માર્ગ ખુલ્લો કરાયો

જ્યાં કાંસ ચોકઅપ હશે ત્યાં દુકાનો તોડી પાડવામાં આવશે

સરદાર ભુવન
કોમ્પલેક્ષ તોડ્યા બાદ ધારાસભ્યનું સાંકેતિક નિવેદન

(પ્રતિનિધિ) નડિયાદ, તા.29

નડિયાદ શહેરના વર્ષોથી જર્જરિત બનેલા સરદાર ભુવન કોમ્પ્લેક્સની 46 દુકાનો તોડી પાડ્યા બાદ હવે શહેરના વરસાદી પાણીના નિકાલ માટેના મુખ્ય કાંસને ખુલ્લો કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. સોમવારે કાટમાળ હટાવીને સરદાર પ્રતિમા પાસેનો માર્ગ વાહનવ્યવહાર માટે ખુલ્લો કરાયા બાદ ધારાસભ્ય અને મનપાના અધિકારીઓએ ટેકનિકલ ટીમ સાથે સ્થળ તપાસ કરવામાં આવી હતી. આ તપાસમાં 14 ફૂટ પહોળો અને 8 ફૂટ ઊંડો કાંસ કચરા અને માટીથી સંપૂર્ણ ભરાઈ ગયો હોવાનું સામે આવ્યું છે.

શહેરના ભૌગોલિક માળખા મુજબ પૂર્વ ભાગના વરસાદી પાણીના નિકાલ માટે આ સૌથી મહત્વનો કાંસ છે. આ કાંસ પારસ સર્કલ, સંતરામ મંદિર અને બસ સ્ટેન્ડ થઈને સરદાર પ્રતિમા પાસેથી પસાર થાય છે. વર્ષ 1961-62માં આ કાંસ ઉપર જ સરદાર ભુવન કોમ્પ્લેક્સનું નિર્માણ કરવામાં આવ્યું હતું, જેના કારણે લાંબા સમય સુધી તેની યોગ્ય સફાઈ થઈ શકી ન હતી. અગાઉ દુકાનોના તળિયે બ્લોક બનાવીને સફાઈના પ્રયાસો થયા હતા પરંતુ ભારે

મશીનરીના અભાવે તે સફળ રહ્યા ન હતા. હવે દુકાનો દૂર થતા તંત્ર દ્વારા કાંસના ઉપરના સ્લેબ તોડીને તેને ખુલ્લો કરી સફાઈ કરવાનો નિર્ણય લેવાયો છે. કાંસમાં કચરો જમા થવાના કારણે માત્ર 1.5 ફૂટ જેટલી જગ્યામાંથી જ પાણી પસાર થતું હોવાનું મજૂરોની ચકાસણીમાં બહાર આવ્યું છે. આ અવરોધને કારણે સામાન્ય વરસાદમાં પણ દેસાઈ વગો, જૂના માખણપુરા, વી.કે.વી. રોડ અને સંતરામ રોડ જેવા વિસ્તારોમાં પાણી ભરાઈ જતા હતા. આ વિસ્તારોમાં મોટી હોસ્પિટલો આવેલી હોવાથી

દર્દીઓ અને સ્થાનિકોને ભારે મુશ્કેલી વેઠવી પડતી હતી. કાંસ સંપૂર્ણ સાફ થવાથી પાણીનો નિકાલ ઝડપી બનશે અને જનતાને વર્ષો જૂની સમસ્યામાંથી મુક્તિ મળશે.

ધારાસભ્ય પંકજભાઈ દેસાઈએ જણાવ્યુ હતુ કે, વહીવટી તંત્ર દ્વારા આ વિસ્તારમાં ડ્રેનેજ વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા માટે 68 કરોડ રૂપિયાના ખર્ચે નવી સ્લેબ ડ્રેનેજ મંજૂર કરવામાં આવી છે. આ કાંસ શહેરનું તમામ પાણી લઈને આગળ કમળા ગામ થઈને શેઢી નદીમાં મળે છે. આગામી ચોમાસામાં શહેરમાં પાણી

તસવીરઃ જશવંતસિંહ રાઠોડ

ભરાવાની સમસ્યા ન રહે તે માટે અત્યારથી જ આયોજનબદ્ધ કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. કાંસ ખુલ્લો થયા બાદ આગળના ભાગમાં ક્યાં અવરોધો છે તેની સ્થિતિ સ્પષ્ટ થશે, જેનાથી ભવિષ્યમાં સમગ્ર નિકાલ વ્યવસ્થાને સુવ્યવસ્થિત કરી શકાશે. ઉપરાંત તેમણે સંકેત આપ્યો હતો કે, વરસાદી કાંસ જ્યાં પણ ચોકઅપ હશે અને તેની ઉપર બાંધકામ હશે તો તેને દૂર કરાશે. ધારાસભ્યએ સાંકેતિક રીતે કાંસ પરની દુકાનો દૂર કરવાનું જણાવતા ચોમેર જાતભાતની ચર્ચાઓ ઉઠી છે.

ખંભાતના વત્રા ગામમાં પિતાના 15 વર્ષના પ્રેમ પ્રકરણનો લોહિયાળ અંજામ આવ્યો

વત્રામાં પિતાના આડાસંબંધથી કંટાળી પુત્રએ પરિણીતાની હત્યા કરી

આડા સંબંધોથી
સતત ઘર કંકાસથી કંટાળી સૌથી નાના પુત્રએ પગલું ભર્યું

(પ્રતિનિધિ) ખંભાત તા.29

ખંભાત તાલુકાના વત્રા ગામે ખોરીયાકુવા નજીક આવેલી સીમમાં એક ચોંકાવનારી હત્યાની ઘટના સામે આવી છે. પિતાના છેલ્લા 15 વર્ષથી ચાલતા પ્રેમ પ્રકરણ અને તેને કારણે ઘરમાં થતા રોજબરોજના ઝઘડાઓથી કંટાળેલા સૌથી નાના પુત્રએ તેના પિતાની પ્રેમિકાની માથાના ભાગે લાકડાના ડંડાના ફટકા મારી નિર્મમ હત્યા કરી નાખી છે. ખંભાત ગ્રામ્ય પોલીસે ગણતરીના કલાકોમાં ડોગ સ્કવોર્ડ અને એફ.એસ.એલ.ની મદદથી આ હત્યાનો ભેદ ઉકેલી હત્યારા પુત્રની ધરપકડ કરી છે.

વત્રા ગામના દરબાર ફળિયામાં રહેતા 38 વર્ષીય સારિકાબેન ધર્મેન્દ્રભાઈ પટેલની લાશ લોહીલુહાણ હાલતમાં ખેતરમાંથી મળી આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતક સારિકાબેનને તે જ ફળિયામાં રહેતા 52 વર્ષીય રણજીતભાઈ તખતસિંહ પરમાર સાથે છેલ્લા 15 વર્ષથી પ્રેમસંબંધ હતો. આ બાબતને લઈ રણજીતભાઈના ઘરમાં પત્ની અને દીકરાઓ સાથે વારંવાર ઝઘડા થતા હતા. પિતા અને પરણીતાને વારંવાર સમજાવ્યા હોવા છતાં તેઓ સંબંધ તોડવા

તૈયાર ન હતા.

આ ઘટનાના દિવસે સારિકાબેન તેના પ્રેમી રણજીતભાઈને મળવા માટે ખોરીયાકુવા નજીકના ખેતરમાં ગયા હતા. આ વાતની જાણ રણજીતભાઈના સૌથી નાના પુત્ર સુનિલકુમાર પરમારને થઈ જતાં તે પણ ત્યાં પહોંચી ગયો હતો. સુનિલે ગુસ્સામાં આવી સારિકાબેનના માથાના પાછળના ભાગે લાકડાના ડંડાના જોરદાર ફટકા મારી દીધા હતા, જેના કારણે તેમનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. આ હત્યા કર્યા બાદ પુરાવાનો નાશ કરવાના હેતુથી તેણે લાશને ઢસેડીને બાજુના તમાકુના ખેતરમાં છુપાવી દીધી હતી. આ ઘટનાની જાણ થતા ખંભાત નાયબ પોલીસ અધિક્ષક અને પોલીસ ઈન્સ્પેકટર સહિતનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે મૃતદેહને પેનલ ડોક્ટર દ્વારા પી.એમ. કરાવતા હત્યા થઈ હોવાનું સ્પષ્ટ થયું હતું.

ખંભાત ગ્રામ્ય પોલીસે પ્રેમ પ્રકરણની દિશામાં તપાસ તેજ કરી રણજીતભાઈ અને તેમના દીકરાઓની પૂછપરછ કરતા પુત્ર સુનિલે પોતાનો ગુનો કબૂલી લીધો હતો. આથી, પોલીસે આરોપીને સાથે રાખી ઘટનાનું રીકન્સ્ટ્રક્શન કરાવ્યું છે અને હાલ તેને રિમાન્ડ માટે કોર્ટમાં રજૂ કરવાની તજવીજ હાથ ધરી છે.

કણભાના તળાવમાંથી આધેડની લાશ મળી

(પ્રતિનિધિ) બોરસદ તા.29

બોરસદના કણભા ગામમાં અજાણ્યા આધેડનો મૃતદેહ મળ્યો હતો. જેની ઓળખ માટે વિરસદ પોલીસે તપાસ હાથ ધરી છે. આ બનાવ હત્યાનો છે કે આત્મહત્યાનો તે અંગે કાર્યવાહી હાથ ધરી છે.

બોરસદ તાલુકાના કણભા ગામના તળાવમાં રવિવાર સવારના સમયે એક અજાણ્યા આધેડની લાશ મળી આવતા પંથકમાં ચકચાર મચી ગઈ છે. અંદાજે ૫૨ વર્ષની વયના આ આધેડનો મૃતદેહ પાણીમાં તરતો જોવા મળતા સ્થાનિકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા અને આ અંગે વિરસદ પોલીસને જાણ કરવામાં આવી હતી. આ ઘટનાની જાણ થતા જ પોલીસની ટીમ તુરંત ઘટનાસ્થળે દોડી આવી હતી અને મૃતદેહને બહાર કાઢી પોસ્ટમોર્ટમ અર્થે સરકારી હોસ્પિટલમાં મોકલી આપ્યો હતો. હાલમાં વિરસદ પોલીસે આ મામલે અપમૃત્યુની નોંધ દાખલ કરી છે.

ઠાસરાના ઢુંણાદરા ગામમાં બે વર્ષ પહેલા બનેલો બનાવ

પાડોશી પર એસિડ ફેંકવાના કેસમાં મહિલાને 5 વર્ષની કેદ

બાળકોના રમવા
જેવી સામાન્ય બાબતે બોલાચાલીમાં ઉશ્કેરાઈને એસિડ ફેંક્યુ હતુ

(પ્રતિનિધિ) નડિયાદ, તા.29

નડિયાદની છઠ્ઠા એડિશનલ સેશન્સ કોર્ટે ઠાસરા તાલુકાના ઢુણાદરા તાબે નાખુટી ગામે બે વર્ષ પૂર્વે બાળકોના રમવા જેવી સામાન્ય બાબતે થયેલી તકરારમાં પાડોશી પર એસિડ ફેંકવાના ગુનામાં મહિલા આરોપીને કસૂરવાર ઠેરવી છે. અદાલતે એસિડ હુમલો કરનાર સપનાબેન ઝાલાને 5 વર્ષની સખત કેદની સજા અને 11,000 રૂપિયાનો દંડ ફટકારતો મહત્વનો ચુકાદો આપ્યો છે.

આ બનાવની વિગત મુજબ ઠાસરા તાલુકાના ઢુણાદરા તાબે નાખુટીમાં રહેતા ગુણવંતસિંહ મહેન્દ્રસિંહ ઝાલા અને વિક્રમસિંહ સામંતસિંહ ઝાલા વચ્ચે 04/12/2023 ના રોજ રાત્રિના સમયે ઝઘડો થયો હતો. ગુણવંતસિંહ ઝાલાએ વિક્રમભાઈને તમારા છોકરા કેમ અમારા ઘર બાજુ રમવા આવે છે તેમ કહી ગાળો આપી હતી. આ તકરાર દરમિયાન ગુણવંતસિંહે લાકડાના ડંડા વડે હુમલો કર્યો હતો. તે સમયે ગુણવંતસિંહના પત્ની સપનાબેન ઝાલાએ પ્લાસ્ટિકના ડબલામાં રાખેલું એસિડ કાઢી વિક્રમભાઈ તથા અન્ય સાહેદો પર ફેંક્યું હતું. આ એસિડ હુમલામાં વિક્રમભાઈને કપાળના ભાગે, કરણભાઈને ગાલ પર અને હિતેશભાઈને બરડા તથા માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ સમગ્ર મામલે ડાકોર પોલીસ મથકે ફરિયાદ નોંધાતા પોલીસે તપાસ પૂર્ણ કરી નડિયાદ કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરી હતી. આ કેસ નડિયાદના છઠ્ઠા એડિશનલ સેશન્સ જજ આર.જે. મીરાણીની કોર્ટમાં ચાલતા સરકારી વકીલ ગોપાલ વી. ઠાકુર દ્વારા ધારદાર દલીલો કરવામાં આવી હતી. અદાલતે આરોપી સપનાબેન ઝાલાને આઈ.પી.સી. કલમ 326(બી) હેઠળ 5 વર્ષની સખત કેદની સજા ફટકારી છે. જો આરોપી દંડની રકમ ન ભરે તો વધુ 3 માસની સજા ભોગવવાની રહેશે. આ ઉપરાંત કોર્ટે દંડની રકમમાંથી ઈજાગ્રસ્તોને 5,000-5,000 રૂપિયા વળતર પેટે ચૂકવવાનો પણ આદેશ કર્યો છે.

ડુપ્લીકેટ પાસપોર્ટના કારણે દુબઇથી જ પરત ફર્યો હતો

જેલ ભોગવતા પતિએ છોડાવ્યા બાદ પત્નીને ઘરમાંથી કાઢી મુકી

સાસરીયાઓએ 50
લાખ દહેજ માંગી પરિણીતા પર ગુજાર્યો સિતમ

(પ્રતિનિધિ) બોરસદ તા.29

બોરસદ તાલુકાના ખાનપુર ગામે રહેતા એક યુવકે લંડનના પીઆર ધરાવતો હોવાનું ખોટું બોલી લગ્ન કર્યા બાદ, વિદેશ જતી વખતે ડુપ્લીકેટ પાસપોર્ટ સાથે પકડાઈ જતાં જેલની હવા ખાવાનો વારો આવ્યો હતો. આ મુશ્કેલ સમયમાં જે પત્નીએ કોર્ટના ચક્કર કાપીને પતિને જેલમાંથી મુક્ત કરાવ્યો, તે જ પત્નીને સાસરીયાઓએ 'તું દહેજમાં કંઈ લાવી નથી' તેમ કહી ત્રાસ આપી પહેરેલ કપડે કાઢી મુકી હતી.

ખાનપુરના રીકીનકુમાર અશોકભાઈ પટેલ સાથે ઘાત્રીબહેન મહેન્દ્રકુમાર જોશીના લગ્ન 17મી ફેબ્રુઆરી,2022 ના રોજ હિન્દુ શાસ્ત્રોક્ત વિધિ મુજબ થયા હતા. આ લગ્ન પહેલાં રીકીને પોતે લંડનમાં પીઆર ધરાવે છે અને લગ્ન બાદ લંડન સેટ થઈ જઈશું તેવું જૂઠું આશ્વાસન આપ્યું હતું. પરંતુ લગ્નના બે મહિના બાદ એપ્રિલ-2022માં રીકીન લંડન જવા નીકળ્યો ત્યારે દુબઈ એરપોર્ટ પર ડુપ્લીકેટ પાસપોર્ટ હોવાના કારણે પકડાઈ ગયો હતો. તેને અમદાવાદ ડિપોર્ટ કરવામાં આવતા પોલીસે ગુનો નોંધી તેને સાબરમતી જેલમાં મોકલી આપ્યો હતો. આ સમયે પત્ની ઘાત્રીબેને મહેનત કરીને પતિને જેલમાંથી છોડાવ્યો હતો.

જોકે, જેલમાંથી છૂટ્યા બાદ પતિ રીકીન, સાસુ ભાનુબેન અને સસરા અશોકભાઈ પટેલે 'તારા લીધે જ આ બધું થયું છે' તેમ કહી પરિણીતાને માર મારવાનું શરૂ કર્યું હતું. સાસરીયાઓ અવારનવાર મહેણાં મારતા હતા કે, અમારે તો પટેલની છોકરી જોઈતી હતી, જો પટેલની છોકરી હોત તો અમને 50 લાખ રૂપિયા દહેજ મળત. દહેજની માંગણી સાથે શારીરિક અને માનસિક ત્રાસ અસહ્ય બનતા અને સાસરીયાઓએ ઘરમાંથી કાઢી મૂકતા, અંતે પરિણીતાએ વિરસદ પોલીસ મથકે પતિ, સાસુ અને સસરા વિરુદ્ધ કાયદેસરની ફરિયાદ નોંધાવી છે.

આણંદમાં ઠંડીનો ચમકારો તાપમાન 13.9 ડિગ્રી થયું

ઠંડા પવન ફુંકાતા
વહેલી સવારે તેમજ મોડીરાત્રીના ઠંડીનો અનુભવ

(પ્રતિનિધિ) આણંદ તા 28

છેલ્લા કેટલાક દિવસથી આણંદ શહેર અને જિલ્લામાં લઘુત્તમ તાપમાન ઘટતા તેમજ ઠંડો પવન ફુંકાતા લોકોને ઠુઠવી નાખે તેવી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. ઠંડીના કારણે લોકોમાં ધ્રુજારી પ્રસરી રહી છે. હજુ આગામી કેટલાક દિવસ ઠંડીનુ જોર યથાવત રહે તેવી શકયતા છે. ઠંડી વધતા લોકો ગરમ વસ્ત્રોમાં સજ્જ નજરે પડયા હતા અને રોડ પર લોકોની ચહલ-પહલ ઘટી હતી.

આણંદ શહેર અને જિલ્લામાં રવિવારે મહત્તમ તાપમાન 28 ડિગ્રી અને લઘુત્તમ તાપમાન 13.9 ડિગ્રી નોંધાયુ હતુ, જ્યારે ભેજનુ પ્રમાણ 89 ટકા અને પવનની ઝડપ 3.5 કિલોમીટર નોંધાઈ હતી. ઠંડા પવન ફુંકાતા વહેલી સવારે તેમજ મોડીરાત્રીના ઠુઠવી નાખે તેવી ઠંડીનો અનુભવ લોકોને થયો હતો. રોડ સુમસાન જોવા મળ્યા હતા અને લોકોની અવર-જવર ઓછી જોવા મળી હતી. મોટાભાગના લોકો ગરમ વસ્ત્રોમાં જોવા મળ્યા હતાં.

ઠંડી વધતા રાત્રીના સમયે કેટલાક લોકો તાપણી કરતા નજરે પડયા હતાં. રોડ પર રહેતા ગરીબ લોકોની મૂશ્કેલી વધી હતી અને તેઓ ધાબળા ઓઢી સુતા જોવા મળ્યા હતાં. ઠંડીના કારણે લોકોએ કામ સિવાય બહાર નિકળવાનુ ટાળ્યુ હતું. ઠુંડી વધતા વહેલી સવારે ચાલવા-દોડવા નિકળતા લોકોની સંખ્યામાં પણ થોડો ઘટાડો થયો હોવાનુ જાણવા મળેલ છે.

નડિયાદ પાસે ખાનગી કંપનીમાં લિફ્ટ તૂટી પડતાં યુવકનુ મોત

અલીશા સ્નેક્સ
કંપનીમાં માલસામાન સાથે નીચે ઉતરતી વખતે લિફ્ટ 'કાળમુખી' બની

(પ્રતિનિધિ) નડિયાદ, તા.29

નડિયાદ નજીક ભૂમેલ - કણજરી રોડ પર કાર્યરત અલીશા સ્નેક્સ પ્રાઈવેટ લિમિટેડ કંપનીમાં સોમવારે બપોરના સમયે એક ગંભીર અકસ્માત સર્જાયો હતો. કંપનીમાં છેલ્લા 5 વર્ષથી હેલ્પર તરીકે ફરજ બજાવતા કમલેશ મનુભાઈ પરમાર માલસામાન લઈને લિફ્ટ દ્વારા નીચે ઉતરી રહ્યા હતા, તે દરમિયાન અચાનક લિફ્ટ તૂટી પડતા 23 વર્ષીય યુવાનનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. મૃતક યુવાન ભૂમેલ ગામનો વતની હતો અને તેના મોતના સમાચાર મળતા જ પરિવાર સહિત સમગ્ર પંથકમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. ઘટના બાદ મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો.

અલીશા સ્નેક્સ કંપનીમાં હાલમાં 400 થી વધુ હેલ્પરો કામ કરી રહ્યા છે. આ દુર્ઘટના બાદ કંપનીમાં કર્મચારીઓની સુરક્ષાને લઈને ગંભીર સવાલો ઉભા થયા છે. સ્થાનિકો અને પરિવારજનોના જણાવ્યા અનુસાર, માલસામાનની હેરફેર માટે વપરાતી લિફ્ટના દરવાજા પણ તૂટેલી હાલતમાં હતા અને લાંબા સમયથી હેલ્પરો માટે પૂરતી સુવિધાઓનો અભાવ જોવા મળી રહ્યો હતો. કર્મચારીઓ જીવના જોખમે આવી જર્જરિત લિફ્ટમાં કામ કરવા મજબૂર બન્યા હતા, જેના પરિણામે આજે એક આશાસ્પદ યુવાને પોતાનો જીવ ગુમાવવાનો વારો આવ્યો છે. મૃતક કમલેશ પરમારના પરિવારજનોએ આ મામલે ઉચ્ચ કક્ષાએ તપાસની માગણી કરી છે. પરિવારે આક્ષેપ કર્યો છે કે જે રીતે તૂટેલા દરવાજા વાળી લિફ્ટમાં કામ કરાવવામાં આવતું હતું તેનાથી અન્ય હેલ્પરોના જીવ પર પણ જોખમ રહેલું છે.

આવી ઘટના ફરીથી કોઈ અન્ય કર્મચારી સાથે ન બને તે માટે જવાબદારો સામે કડક કાર્યવાહી કરવાની અને મૃતક યુવાનના પરિવારને યોગ્ય વળતર તથા ન્યાય મળે તેવી માગણી કરવામાં આવી છે.

કરમસદ આણંદ મનપા દ્વારા 50 થી વધુ નિરાધારોને સુરક્ષિત આશરો

શહેરના માર્ગો
પર ખુલ્લામાં રાત્રિ પસાર કરતા લોકોને સુરક્ષિત આશરો આપવા ખાસ 'નાઇટ ડ્રાઇવ'

(પ્રતિનિધિ) આણંદ તા 29

રાજ્યમાં પડી રહેલી કાતિલ ઠંડીની લહેરમાં સમાજના છેવાડાના અને ઘરવિહોણા લોકો સુરક્ષિત રહે તે હેતુથી કરમસદ-આણંદ મહાનગરપાલિકા દ્વારા પ્રશંસનીય કામગીરી હાથ ધરવામાં આવી છે. શહેરના માર્ગો પર ખુલ્લામાં રાત્રિ પસાર કરતા લોકોને સુરક્ષિત આશરો આપવા માટે તંત્ર દ્વારા ખાસ 'નાઇટ ડ્રાઇવ' શરૂ કરવામાં આવી છે.

છેલ્લા ઘણા દિવસોથી મહાનગરપાલિકાની ટીમ દ્વારા મોડી રાત્રે શહેરના વિવિધ વિસ્તારો જેવા કે બસ સ્ટેન્ડ, રેલવે સ્ટેશન રોડ, જાહેર બગીચાઓ અને ફ્લાયઓવર નીચે તપાસ કરવામાં આવી રહી છે. જે લોકો પાસે રહેવાની કોઈ વ્યવસ્થા નથી અને જેઓ રસ્તાના કિનારે સૂઈ રહ્યા છે, તેમને સમજાવટથી પાલિકાના વાહનો દ્વારા સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવે છે.

કરમસદ આણંદ મહાનગરપાલિકા ની ટીમ દ્વારા રેસ્ક્યુ કરવામાં આવેલા તમામ લોકોને પાલિકા સંચાલિત 'પંડિત દીનદયાળ ઉપાધ્યાય આશ્રયસ્થાન' (Rain Basera) ખાતે લઈ જવામાં આવ્યા છે. તેઓને ઠંડીથી રક્ષણ મળી રહે તે માટે પૂરતા પ્રમાણમાં ગાદલા, ઓશીકા અને ગરમ ધાબળાની વ્યવસ્થા કરવામાં આવી છે. પ્રાથમિક સુવિધાઓમાં રહેવા માટે સ્વચ્છ હોલ, પીવાનું શુદ્ધ પાણી અને શૌચાલયની સગવડ પૂરી પાડવામાં આવી રહી છે.બીસ્વાસ્થ્યની દરકાર લેવા માટે જરૂર જણાયે વૃદ્ધો અને બીમાર વ્યક્તિઓ માટે પ્રાથમિક તબીબી તપાસ હાથ ધરવામાં આવે છે. આ ઝુંબેશ અંતર્ગત અત્યાર સુધીમાં અંદાજે ૫૦ જેટલા ઘરવિહોણા લોકોનું સફળતાપૂર્વક રેસ્ક્યુ કરવામાં આવ્યું છે. તંત્રના આ માનવીય અભિગમને કારણે અનેક લોકોને કડકડતી ઠંડીમાં આશરો મળ્યો છે.

કરમસદ આણંદ મહાનગરપાલિકાના નાગરિકોને અપીલ કરતાં જણાવવામાં આવ્યું છે કે,જો આપને પણ આણંદ કે કરમસદ વિસ્તારમાં કોઈ વ્યક્તિ ફૂટપાથ પર ઠંડીમાં સૂતેલી જોવા મળે, તો માનવતાના નાતે મહાનગરપાલિકાના કંટ્રોલ રૂમનો સંપર્ક કરવા અથવા તેમને નજીકના આશ્રયસ્થાન વિશે જાણ કરવા વિનંતી કરવામાં આવી છે.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ	નડિયાદ
જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ.	ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225